મોડાસાની બ્લ્યુ આઈસ કંપનીના પાણીના પાઉચમાંથી માખી નીકળી

ફૂડ એન્ડ ડ્રગ્સ દ્વારા તપાસ : પાણીના નમુના પરીક્ષણ માટે મોકલાયા

મોડાસા, તા. ૧૩

અરવલ્લી જિલ્લામાં બિલાડીના ટોપની જેમ મિનરલ પાણીના પ્લાન્ટ દ્વારા જિલ્લાના પ્રજાજનોના સ્વાસ્થ્ય સાથે ચેડા કરવામાં આવી રહ્યા હોવા છતાં જિલ્લા ફૂડ એન્ડ ડ્રગ્સ તંત્ર દ્વારા આંખ આડે કાન

કરવામાં આવી રહ્યા છે. ફૂડ એન્ડ ડ્રગ્સ તંત્રની રેહમનજર હેઠળ જિલ્લામાં કેટલાય મીનરલ પાણીના પ્લાન્ટ ધમધમી રહ્યા છે. ત્યારે જિલ્લાના મુખ્યમથક મોડાસાના ગણેશપુર જીઆઈડીસીમાં ચાલતી બ્લુ આઈસ વોટર પ્લાન્ટ દ્વારા પાણીના પાઉચ, પાણીની બોટલનુ ઉત્પાદન કરી ગુજરાત રાજ્યના અનેક વિસ્તારોમાં સપ્લાય કરવામાં આવે છે. બ્લ્યુ આઈસ કંપનીના પાણીના પાઉચમાંથી મોડાસાના નાગરીકને માખી જોવા મળતા ખળભળાટ મચી ગયો હતો. આ અંગેની જાણ જિલ્લા ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગને થતા બુધવારે બ્લ્યુ આઈસ પ્લાન્ટ પર દરોડા પાડી પાણીના નમુના લઈ પરીક્ષણ માટે મોકલી આપી વધુ તપાસ હાથ ધરી હતી.

મોડાસા શહેર નજીક આવેલા ગણેશપુર જીઆઈડીસી વિસ્તારમાં બ્લ્યુ આઈસ પેકેજ ડ્રીંન્ગીંગ વૉટર પ્લાન્ટ દ્વારા પાણીના પાઉચ અને મીનરલ પાણીની બોટલોનુ ઉત્પાદન કરવામાં આવી રહ્યું છે. મોડાસાના અનાજના વેપારી હર્ષદ એસ. પટેલે તરસ છીપાવવા મોડાસાની એક દુકાનમાંથી ઠંડા પાણીનુ પાઉચ માંગતા દુકાનદાર દ્વારા ઠંડા પાણીનુ પાઉચ આપતા હર્ષદભાઈ પાઉચની અંદર રહેલી માખી જોઈને ચોંકી ઉઠ્યા હતા અને પાણી પીધુ ન હતુ તેમજ દુકાનદારને પાણીનુ પાઉચ ક્યાંથી ખરીદો છો તેમ પુછતા દુકાનદારે મોડાસાના જીઆઈડીસી વિસ્તારમાં આવેલી બ્લ્યુ આઈસ મીનરલ પ્લાન્ટ નામની કંપનીમાંથી સપ્લાય કરવામાં આવતો હોવાનુ જણાવતા પાણીની ગુણવત્તા જોઈ ગ્રાહક ચોંકી ઉઠ્યા હતા અને પાણીના પાઉચમાંથી માંખ નીકળવાની ઘટના બનતા શહેરમાં ખળભળાટ મચી ગયો હતો. આ ઘટના ટોક ઓફ ધી ટાઉન બનતા જિલ્લા ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ સફાળા જાગી ઉઠ્યો હતો અને બુધવારે જીઆઈડીસી વિસ્તારમાં આવેલી બ્લ્યુ આઈસ કંપનીના વોટર પ્લાન્ટ પર દરોડો પાડી સ્થળ પરના તપાસ અધિકારીએ પાણીના પાઉચ તેમજ પાણીની બોટલના નમુના પરીક્ષણ માટે લઈ વધુ તપાસ હાથ ધરી હતી. જિલ્લા ફૂડ એન્ડ ડ્રગ્સના તપાસ અધિકારીના જણાવ્યા મુજબ પાણીના નમુનાની ચકાસણી નિયત મુજબ કરાયા બાદ જો તેમાં કોઈપણ પ્રકારે પ્રજાના આરોગ્યને નુકશાન પહોંચે તેવા તત્વો મળી આવશે કે ચોક્કસ મીનરલ વોટર પાણીના પાઉચ અને બોટલના ધારાધોરણ મુજબ પાણીની ગુણવત્તા નહિ હોય તો મીનરલ વોટરના માલિકો સામે નિયમ અનુસાર કાર્યવાહી કરવામાં આવશે તેમ ભારપૂર્વક જણાવ્યું હતું.

આધારભૂત સૂત્રોના જણાવ્યા અનુસાર બ્લ્યુ આઈસ મીનરલ વોટર પ્લાન્ટના કર્તાહર્તાઓ દ્વારા ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગના અધિકારીઓ સાથે સાંઠગાંઠ રચી આખો મામલો દબાવી દેવામાં આવે તો નવાઈ નહી.

પાલનપુર નજીક ખાનગી બસ અને ટ્રેઈલર વચ્ચે અકસ્માત : ૨ના મોત

બનાસકાંઠાની રાજસ્થાન સરહદ પાસે આજે ખાનગી બસ અને ટ્રેલર સાથે ગ્વમખાર અકસ્માત સર્જાયો હતો જેમાં ૨ ના ઘટના સ્થળે જ મોત થવા પામ્યા હતા તેમજ ૧૦થી વધુ લોકોને ગંભીર રીતે ઘાયલ થયા હતા તે તમામને પાલનપુર સિવિલમાં સારવાર અર્થે ખસેડાયા હતા જેમાંથી વધુ એકની તબિયત લથડતા તાત્કાલિક અમદાવાદ ખસેડાયો છે હાલમાં પાલનપુર ખાતે ૧૦ જેટલા લોકો સારવાર હેઠળ છે. જો કે આ રસ્તા પર ટ્રેલર અને ટ્રકો ઓવરલોડ હોવાની સાથોસાથ પરમીટ વિના બેફામ દોડતા હોવાના પગલે મોતનો હાઈવે બની રહ્યો છે. ત્યારે પોલીસ પણ કોઈ ઠોસ પગલાં ભરે તે જરૂરી છે. જો કે હાલમાં પોલીસ આ મુદ્દે ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

હાર્દિક પટેલની ૧૫મીએ જેલમુક્તિ : પાટીદારો ઉત્સાહિત

અમદાવાદ, તા.૧૩

રાજદ્રોહના ગુનામાં ૯ મહિનાથી જેલમાં બંધ હાર્દિક પટેલને ગુજરાત બહાર રહેવાની શરતે જામીન આપવામાં આવ્યા છે. જો કે, કાયદાકીય પ્રક્રિયાને લઈને હાર્દિક પટેલને આગામી ૧૫ જુલાઈએ જેલમાંથી મુક્તિ મળશે. હાર્દિક ૧૫ જુલાઈએ જેલથી બહાર આવશે ત્યારે તેના સ્વાગત માટે ૨ લાખ પાટીદારો જેલની બહાર ઉભા હશે. સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત અને અન્ય વિસ્તારોમાંથી હજારો ગાડીઓ સુરતની લાજપોર જેલ બહાર હાર્દિકનું સ્વાગત કરવા ઉપસ્થિત રહેશે.

સુરતમાં હજારોની સંખ્યામાં પાટીદારો ઉમટી પડશે. ત્યાર બાદ સુરતના જુદા જુદા વિસ્તારોમાં ખુલી જીપમાં રોડ શો કરવામાં આવશે અને સાંજે ૭ વાગ્યા સુધી હાર્દિક સુરતમાં જ રોકાશે. ત્યાર બાદ હાર્દિક પટેલ અને તેમનો કાફલો અમદાવાદ જવા રવાન થશે. રસ્તામાં પણ કેટલીક જગ્યાઓ પર તેમનું સ્વાગત કરવામાં આવશે. અમદાવાદ પહોંચી વસ્ત્રાલમાં રાત્રી રોકાણ કરશે. ત્યાર બાદ ૧૬ જુલાઈએ વહેલી સવારે હાર્દિક વિરમગામ તેમના ઘરે જશે. ત્યારબાદ સવારે ૧૦ વાગ્યે હાર્દિક અમદાવાદ સેશન્સ કોર્ટમાં હાજરી આપશે. ત્યાર બાદ બપોરે સારંગપુર જવા રવાના થશે, ત્યાં તે બજરંગબલીના દર્શન કરશે, ત્યાર બાદ આખો કાફલો ખોડલધામ જવા રવાના થશે. ત્યાંથી માતાના આશિર્વાદ લઈને ઉમિયા ધામ સિદસર જશે. ત્યાર બાદ રાજકોટ જવા રવાના થશે અને પછી મોરબી જશે. મોરબીમાં રાતે ૧૦ વાગે પાટીદારો દ્વારા વિશાળ બાઈક રેલી કાઢવામાં આવશે. હાર્દિક આ રેલીને પણ સંબોધશે. ત્યાર બાદ વિરમગામ પરત ફરશે. કોર્ટના આદેશ મુજબ ૧૭ જુલાઈએ ગુજરાત છોડી દેશે. હાર્દિકને રાજદ્રોહના કેસમાં ૬ મહિના ગુજરાત બહાર રહેવાની શરતે જામીન આપવામાં આવ્યા છે. તેથી હાર્દિક તેના પરિવારજનો અને પાસના આગેવાનો સાથે ચર્ચા કરીને તેમને ક્યાં રહેવું તે નક્કી કરાશે. જુદા જુદા રાજ્યોમાંથી હાર્દિકને જે ઓફરો આવી છે, તેના પર ચર્ચા કરાશે. પાસના આગેવાનોના દાવા પ્રમાણે હાર્દિક પટેલને રહેવા માટે રાજસ્થાનના ગુર્જર નેતાઓ, હરિયાણાના એક જાટ નેતાએ તૈયારી બતાવી છે.

તો બીજી તરફ મુંબઈના હાર્દિકના કેટલાક સંબંધીઓ રહે છે. ત્યારે હાર્દિક પટેલ આ ત્રણ રાજ્યોમાંથી કોઈ એક સ્થળે રહેશે તેવી ચર્ચા ચાલી રહી છે, જો કે તે ક્યાં રહેશે તેનો આખરી નિર્ણય હાર્દિક અને પાસના સભ્યો મળીને કરશે. ઉલ્લેખનીય છે કે, ૧૫ જુલાઈએ હાર્દિક સુરતની લાજપોર જેલમાંથી મુક્ત થશે, એજ દિવસે ગુજરાતના મુખ્ય પ્રધાન આનંદીબેન પટેલ પણ સુરતના પ્રવાસે છે.

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના ઘાંટી પ્રાથમીક આરોગ્ય કેન્દ્રમાં સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો હતો.અંદાજીત ૧૫૦૦ થી વધુ દર્દીઓએ નિઃશુલ્ક સારવાર નિદાન કરાવ્યું હતું.રૂા.૧,૨૫,૦૦૦/-ની દવાઓ નિઃશુલ્ક દર્દીઓને અપાઈ હતી.ભિલોડા લક્ષદિપ હેલ્થ કેર અને આરોગ્ય કચેરીના સંયુક્ત ઉપક્રમે સર્વરોગ નિદાન અને સારવાર કેમ્પમાં ઘાંટી પંથકના દર્દીઓએ લાભ લીધો હતો. સ્વ.લક્ષ્મીબેન દિલીપભાઈ પરમાર,ફિમેલ હેલ્થ વર્કરની વાર્ષિક પુણ્યતિથી નિમિત્તે શ્રધ્ધાંજલી અર્પવા સંદર્ભે તેમની બંન્ને ડાક્ટરો દિકરીઓ ધ્વારા ભિલોડા લક્ષદિપ હેલ્થ કેર ડા.વિશાલદેવ દિલીપભાઈ સાહેબ,ડા.શૈલદેવ દિલીપભાઈ સાહેબએ માતૃ ઋણ અર્પણ કરવાના મુખ્ય ઉદ્દેશથી ગ્રામ્ય વિસ્તારોમાં નિઃશુલ્ક સારવાર,નિદાન અને દવાઓ આપવાનો સંકલ્પ લીધો છે.આજ દિન સુધીમાં નિઃશુલ્ક સર્વરોગ નિદાન અને સારવારના પાંચ કેમ્પ કરેલ છે.

રાજ્યમાં આગામી ૨૪ કલાકમાં ભારે વરસાદની આગાહી કરાઈ

મધ્યપ્રદેશ પર સર્જાયેલ અપર એર સરક્યુલેશન અને દક્ષિણ-પશ્ચિમ મોનસૂન સક્રિય થયા હોવાનો લાભ મળશે

અમદાવાદ, તા.૧૩

રાજ્યમાં છેલ્લા કેટલાક દિવસોથી જોવા મળેલા મેઘ માહોલની વચ્ચે હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે કે દક્ષિણ-પશ્ચિમ ચોમાસુ સક્રિય બનવાના કારણે આગામી ૨૪ કલાકની અંદર રાજ્યના મોટાભાગના વિસ્તારમાં ભારેથી અતિ ભારે વરસાદ થઈ શકે છે. ખાસ કરીને સૌરાષ્ટ્ર અને કચ્છના વિસ્તારમાં પણ વરસાદ થવાની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગ દ્વારા કહેવામાં આવ્યું છે કે અપર એયર સાઈક્લોનીક સરક્યુલેશન સિસ્ટમ ઉત્તર-પશ્ચિમ મધ્યપ્રદેશમાં છવાયેલી જોવા મળે છે. જેને કારણે રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં આવનાર ૨૩ કલાકની અંદર ભારેથી અતિ ભારે વરસાદ થઈ શકે છે. રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં છેલ્લા કેટલાક દિવસોથી પડી રહેલા વરસાદના પરિણામે વિવિધ શહેરોના તાપમાનમાં પણ નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે. અમદાવા શહેરમાં મહત્તમ તાપમાન ૨૯.૧ ડિગ્રી, વડોદરામાં મહત્તમ તાપમાન ૨૧.૨ ડિગ્રી, સુરતમાં મહત્તમ તાપમાન ૩૦.૬ ડિગ્રી, રાજકોટમાં મહત્તમ તાપમાન ૩૧.૧ ડિગ્રી, ભુજમાં મહત્તમ તાપમાન ૩૪.૬ ડિગ્રી, કંડલા એરપોર્ટ ખાતે મહત્તમ તાપમાન ૩૩.૮ ડિગ્રી અને કંડલા પોર્ટ ખાતે મહત્તમ તાપમાન ૩૩.૫ ડિગ્રી સેલ્સીયસ નોંધાવા પામ્યું છે.

ટીંટોઈના સર્પાકાર ઓવરબ્રીજને પગલે થતા અકસ્માત મામલે કલેક્ટરને આવેદન અપાયું

મોડાસા, તા. ૧૩

અરવલ્લી જિલ્લામાંથી પસાર થતા રાજ્ય ધોરીમાર્ગ શામળાજી-ગોધરા ફોરલેન બન્યા પછી

અકસ્માતની સંખ્યામાં વધારો થયો છે. મોડાસા તાલુકાના ટીંટોઈ ગામે બનાવેલો સર્પાકાર બ્રીજ હોઈ વાહનચાલકો થાપ ખાઈ જતા હોવાથી છાશવારે અકસ્માત સર્જાતા હોવાનું અને કેટલાય લોકોએ જાન ગુમાવવાના બનાવો બન્યા છે. અકસ્માત થવાનુ કારણ અહીં બનાવવામાં આવેલ બ્રીજની ડિઝાઈન છે. ટીંટોઈ ગ્રામજનો દ્વારા જવાબદાર તંત્ર સામે અનેકવાર રજૂઆત કરવા છતાં આંખ આડા કાન કરતા ગ્રામજનોમાં આક્રોશ ફેલાયો હતો. મંગળવારે સ્થાનિક આગેવાનો સાથે મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોરની આગેવાનીમાં અરવલ્લી જિલ્લા અધિક્ષક કલેક્ટર કચેરીએ જઈ જિલ્લા કલેક્ટર શાલીની અગ્રવાલને આવેદન પત્ર આપી અકસ્માતની ઘટનાઓ પર અંકુશ લાદવા તાબડતોડ સર્વિસરોડ બનાવવાની માંગ કરી હતી.

મોડાસા તાલુકાના ટીંટોઈ ગામમાં રેલવે લાઈન ઉપરથી પસાર થતો ઓવરબ્રીજ બનાવ્યા પછી અહીં અવારનવાર અકસ્માતોની હારમાળા સર્જાઈ છે. શામળાજી ગોધરા ૧૫૦ કી.મી. ચાર માર્ગીય રાજ્ય ધોરીમાર્ગ બન્યા બાદ કેટલીય જગ્યાએ ખામીયુક્ત ડીઝાઈનના લીધે અકસ્માતમાંનિર્દોષનોભોગ લેવાઈ રહ્યો છે. જેમાં મોડાસા-ટીંટોઈ પાસે એક કિલોમીટર લાંબો સર્પાકાર બનાવેલા બ્રીજના કારણે સ્થાનિક જનતા ભારે ભયના માહોલ વચ્ચે જીવી રહી છે.

ભિલોડામાં ભારત વિકાસ પરીષદ શાખાની બેઠક યોજાઈ

ભિલોડા ભારત વિકાસ પરીષદ શાખાની વાર્ષિક સાધારણ સભા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતીના હોલમાં કાર્યક્રમ યોજાયો હતો.ભિલોડા ભારત વિકાસ પરીષદ શાખા પ્રમુખ જીતેન્દ્રભાઈ ભાટીયોએ જણાવ્યું હતું કે આ પ્રસંગે ભિલોડા ભારત વિકાસ પરીષદ શાખા ઉત્તર ગુજરાત વિભાગીય સંયોજક ફાલ્ગુનભાઈ વોરા, ગુજરાત મધ્યપ્રાંત મંત્રી નાનુભાઈ પટેલ, સંગઠન મંત્રી પ્રકાશભાઈ કસવાલા, ટોરડા સ્વામીનારાયણ મંદીર મહંત કૃષ્ણપ્રસાદદાસજી, ભિલોડા ગ્રામ પંચાયત સરપંચ મનોજભાઈ પટેલ, ભિલોડા આદિવાસી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ આચાર્ય ડા. દિનેશચંદ્ર ચૌબીસા સહિત અગ્રણી આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. ભિલોડા ભારત વિકાસ પરીષદ શાખા ઉત્તર ગુજરાત વિભાગીય સંયોજક ફાલ્ગુનભાઈ વોરાએ પ્રાસંગીક પ્રવચનમાં જણાવ્યું હતું કે સમાજ દુર્જનોને દુર્જનતાથી જેટલો નથી પીડાતો તેટલો સજ્જનોની નિષ્ક્રીયતાથી પીડાય છે. નવયુવાનો રાષ્ટ્રને ઉંચા શિખર સુધી પહોંચાડશે એટલા માટે સમાજમાં યુવાનો વ્યસનોની લતે ના ચડે તેના માટે વડીલોએ આગળ આવવું પડશે. સમાજને સાચી દિશામાં લઈ જવો પડશે. ભિલોડા ભારત વિકાસ પરીષદ શાખાના વાર્ષિક અહેવાલ અને દિશાઓની વાંચન કરાયું હતું.

કંપની સમાચાર

એસ્ડી પેઈન્ટ્સ દ્વારા ઈથોપીઆ ખાતે ઈથોપીયા ફોરે માટે જેલારામ પ્રા.લી.કુ. સાથે સંયુક્ત સાહસથી મેન્યુફેક્ચરીંગ યુનિટની સ્થાપના કરાઈ

૧૯૬૩માં સ્થપાયેલ એસ્ડી પેઈન્ટસ લિ. છેલ્લા ૫૦ વર્ષોથી ભારતમાં ઓટોમોટીવ રીફીનીશ કોટીંગ્ઝ, ડેકોરેટીવ કોટીંગ્ઝ, વુડફીનીશીંઝ, હાઈ પરપોર્મન્સ કોટીંગ્ઝ તથા અન્ય ઔદ્યોગિક કોટીંગ્ઝ માટે પ્રતિષ્ઠિત મેન્યુફેક્ચરર્સ પૈકીનું એક છે.

ઓવરસીઝ માર્કેટમાં વિસ્તરણ યોજનાઓ સાથે કંપનીએ જેલારામ પ્રા.લિ.માં ૫૦ ટકા ઈક્વીટી ફોર્સ મેળવ્યો છે, જે ઈથોપીઆમાં ડેકોરેટીવ પેઈન્ટસનું સૌથી મોટુ છઠ્ઠુ મેન્યુફેક્ચર્સ છે.

ઈથોપીઅન સરકાર દેશમાં આવા સંયુક્ત સાહસો તથા ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસને પ્રોત્સાહન આપે છે, જે ઈથોપીઆમાં ઈએસડીને તેની પેઈન્ટ મેન્યુફેક્ચરીંગ સવલતો વધારવામાં સહાય કરશે.

કંપનીના મેનેજિંગ ડાયરેક્ટર મહાવીર દાવરાએ જણાવ્યું કે કંપનીએ યુનિટમાં સ્ટેકની પ્રાપ્તમાં રોકાણ કર્યું હતુ, જે ઈથોપીઅન યુનિટમાં મેન્યુફેક્ચરીંગ કામગીરીની સ્થાપના માટે ઉપયોગમાં લેવામાં આવશે. આ સંયુક્ત સાહસ તેના પ્રોડક્ટ્સનું મેન્યુફેક્ચર કરશે જેમાં મુખ્યત્વે ઈથોપીઅન યુનિટમાં પીયુ આધારિત ડોમેસ્ટીક પેઈન્ટસ તથા વધુ સારા ઓટોમોટીવ પેઈન્ટસનો સમાવેશ થશે. આ સંયુક્ત સાહસ આફ્રિકાના પડોશી દેશોમાં નિકાસ માર્કેટસ તથા ડોમેસ્ટીક માર્કેટને આવરી લેશે તથા તેની ઉત્પાદન ક્ષમતા પણ વધારશે.

કંપની, ભારતમાં મોટા મેન્યુફેક્ચરીંગ યુનિટસ ધરાવે છે. તથા ભારતમાં તથા ભારત બહાર ઘણી કન્સાઈનમેન્ટ સેલ્સ શાખાઓ પણ ધરાવે છે તથા વિવિધ દેશોમાં તેના પ્રોડક્સની નિકાસ પણ કરે છે.

મહાવીર દાવરાએ જણાવ્યું હતું કે આ સંયુક્ત સાહસથી ઈથોપીઆ તથા તેના પડોશી દેશોમાં ડોમેસ્ટીક તથા ઓટોમોટીવ પેઈન્ટસના વેચાણમાં પણ વધારો થશે.

કોંગ્રેસ સત્તારૂઢ થશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

છે. સુપ્રીમ કોર્ટે પોતાના ચુકાદામાં રાજ્યપાલના નિર્ણયને ગેરબંધારણીય ગણાવીને તેમની ટિકા કરી હતી. સુપ્રીમ કોર્ટે રાજ્યપાલ દ્વારા વિધાનસભાનુ સત્ર બોલાવવા અને વિધાનસભાના સ્પીકરને દુર કરવાની પ્રક્રિયાને પણ ખોટી ગણાવી હતી. સુપ્રીમ કોર્ટે ખુલાસો કરતા કહ્યુહતુ કેનવમી ડિસેમ્બર બાદથી રાજ્યપાલ દ્વારા લેવામાં આવેલા તમામ નિર્ણય સંપૂર્ણપણે ગેરબંધારણીય હતા. નબામ તુકી તરફથી તરફેણ કરી રહેલા વકીલ વિવેક તનખાએ કહ્યુ હતુ કે આ નિર્ણય લોકશાહી માટે એક જીત સમાન છે. સુપ્રીમ કોર્ટે પોતાના નિર્ણયમાં મહામહિમ રાજ્યપાલ દ્વારા નવમી ડિસેમ્બરના દિવસે લેવામાં આવેલા નિર્ણયોને ખોટા ગણાવ્યા છે. આ નિર્ણય રાજ્યપાલોના નિર્ણય સામે પ્રશ્નો ઉઠાવે છે. અમને કોર્ટના નિર્ણય પર ગર્વ છે. એક વાર ફરી સાબિતી મળી છે કે ભારતીય ન્યાયપાલિકા ખરા અર્થમાં બંધારણની સુરક્ષા કરે છે. નિર્ણય તમામ રીતે ઐતિહાસિક છે. બીજી બાજુ કોંગ્રેસ દ્વારા કહેવામાં આવ્યુ છે કે ભાજપ હવે દેશના લોકોની માફી માંગે. કારણ કે બંધારણને સંકટમાં મુકવાનુ કામ ભાજપ દ્વારા કરાયુ છે. કોંગ્રેસના વકીલ તનખાએ કહ્યું હતું કે, કેન્દ્રની સરકારે મનમરજીથી કામ કર્યું હતું. હવે કેન્દ્ર સરકારની મનમરજી પર સુપ્રીમ કોર્ટે એક મોટો તમાચો માર્યો છે.

ભારેલો અગ્નિ...

● અનુસંધાન પહેલાનું ચાલુ

હિંસામાં ૧૩ લોકોના મોત થયા છે અને મોટી સંખ્યામાં લોકો ઘાયલ થયા છે. આજે સ્થિતી સંપૂર્ણપણે કાબુમાં છે. મોતના આંકડાને લઈને વિરોધભાષની સ્થિતિ જોવા મળી રહી છે. એકબાજુ મોતનો આંકડો સત્તાવારરીતે ૨૪ દર્શાવવામાં આવી રહ્યો છે જ્યારે ઈજાગ્રસ્તોનો આંકડો સેંકડોમાં દર્શાવવામાં આવી રહ્યો છે. એક ઘાયલ થયેલા યુવાને હોસ્પિટલમાં દમ તોડી દીધો હતો. અદીલ અહેમદ નામનો આ શખ્સ બીજબહેરા ખાતે ગોળીબારના બનાવમાં ઘાયલ થયો હતો. તેનું એસએમએચએસ હોસ્પિટલમાં મોત થયું હતું. અથડામણમાં ૩૫૦થી વધુ લોકો ઘાયલ થઈ ચુક્યા છે જે પૈકી ૧૧૫ સુરક્ષા જવાનો છે. હિઝબુલના ત્રાસવાદીના મોત બાદ હિંસા ચાલી રહી હતી. ખીણમાં સ્થિતિ વિસ્ફોટક બનેલી છે.

ઈતિહાસ સર્જ્યો...

● અનુસંધાન પહેલાનું ચાલુ

ગેમ્સમાં સુવર્ણ ચંદ્રક તથા ૨૦૧૬માં ઉજ્જૈન ખાતે રમાયેલ એસજીએફઆઈમાં બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો હતો. તેના આ ઉત્કૃષ્ઠ દેખાવના કારણે તેની પસંદગી વર્લ્ડ સ્કૂલ ગેમ્સ માટે ભારતીય ટીમમાં થવા પામી હતી. જ્યોતિ સિસોદિયાના પરિવાર પર હાલ શહેરમાં ચોતરફથી અભિનંદનની વર્ષા થઈ રહી છે. જ્યોતિની આ સિદ્ધિના કારણે સમગ્ર સાઈ સંકુલ તથા ગાંધીનગરના સ્પોર્ટસ આલમમાં આનંદનું મોજુ ફરી વળ્યુ છે. અત્રે ઉલ્લેખનીય છે કે જ્યોતિ સિસોદિયાના પિતા સાઈ ખાતે વોચમેનની ફરજ બજાવે છે. સામાન્ય મધ્યમવર્ગીય પરિવારની દિકરીએ આંતરરાષ્ટ્રીય કક્ષાએ નામના મેળવી અનોખી સિદ્ધિ હાંસલ કરી છે.

ફસલ બીમા યોજના...

● ત્રીજા પાનાનું ચાલું

(વેબસાઈટ) ઉપર ઓનલાઈન અરજી કરવા ખેડૂતોને જણાવાયું છે. પરંતુ અભણ ખેડૂતો તલાટી અને ગ્રામસેવકના અભાવે ગ્રામ પંચાયતના ધક્કા ખઈ થાકી જાય છે. કારણ કે મોટા ભાગે ત્યાં સર્વર ઠપ્પ હોવાથી ખેડૂતોની ઓનલાઈન કામગીરી જ થઈ શકતી નથી. આ ઉપરાંત ભાજપ સરકાર દ્વારા પાણીપત્રકની પણ કામગીરી પણ નહીં કરવામાં આવતી હોવાથી ખેડૂતો દૂરંદશામાં વધારો થાય છે. જ્યારે સરકાર એજન્સી તરીકે નિમેલી વિવિધ બેંકો પાસેથી તગડું કમિશન મેળવે છે. પરંતુ ખેડૂતોને વીમા વળતર માટે બેંકો કોઈ જવાબ આપતી નહીં હોવાથી વિવિધ સરકારી કચેરીઓમાં ભટકવું પડે છે. ગાંધીનગર અને અમદાવાદ જિલ્લામાં સહકારી મંડળીઓમાં વિરોધના કારણે અમદાવાદ ડીસ્ટ્રીક્ટ કો-ઓપરેટીવ બેંક દ્વારા આ યોજનામાં ખેડૂતોને ફરજિયાત સામેલ કરાયા નથી. એ જ રીતે રાજ્યભરમાં નિષ્ફળ ગયેલી આ યોજનામાં ખેડૂતોને ફરજિયાત આવરી લેવાનું બંધ કરવાનું જણાવતા તેમણે ઉમેર્યું છે કે, વિધાનસભાની આગામી ચૂંટણીમાં ખેડૂતોના રોષથી બચવા માટે ભાજપે અત્યારથી જ પક્ષનો વીમો કરાવી લેવો જોઈએ.

પિકનીક સ્પોટ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સહેલાણીઓ માટે એક નવો પિકનીક સ્પોટ અસ્તિત્વમાં આવશે. અગાઉ વર્ષ ૨૦૦૬માં પુરની સ્થિતિ વચ્ચે સંત સરોવર તુટતા વિભાગ દ્વારા સંત સરોવરનુ કામ ફરી હાથ ધરવામાં આવ્યુ હતુ. આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૧૫૦ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. ૬ થી ૮ કીમીના વિસ્તારમાં સંત સરોવરમાં પાણી ભરાતા સહેલાણીઓને એક નવો નઝારો જોવા મળશે.

ભયજનક વૃક્ષો..

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આંતરિક માર્ગા પર ઠેર ઠેર નમેલા વૃક્ષો ગમે ત્યારે અકસ્માતનુ કારણ બને તેવી દહેશત છે. છેલ્લા બે દિવસથી છવાયેલા વરસાદી વાતાવરણ વચ્ચે નગરમાં કેટલાક ઠેકાણે વૃક્ષો ધરાશાયી થયા હોવાનુ ધ્યાને આવ્યુ છે. નગરના ઘ-૨ થી ગ-૨ તરફ જવાના માર્ગ પર એક વૃક્ષ આજે જમીનદોસ્ત થતા રસ્તો બ્લોક થઈ ગયો હતો. જેના પરિણામે વાહન વ્યવહાર પણ અટકી ગયો હતો. વનતંત્ર દ્વારા નમી પડેલા વૃક્ષો ત્વરિત દુર કરવાની કાર્યવાહી હાથ ધરવાની અનિવાર્યતા હોવાનો સુર ઉઠવા પામ્યો છે.

વાવોલ-રાંધેજા માર્ગ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મંજુરી આપવામાં આવે છે. શહેરી વિસ્તારના રોડ નેટવર્કને ચકાચક બનાવવા માટે પણ વર્ષ દરમિયાન કરોડો રૂપિયાનો તોતિંગ ખર્ચ કરવામાં આવે છે. જયારે જિલ્લામાં વિવિધ સડકોને અપગ્રેડ કરવા માટે પણ સમયાંતરે કામોને મંજુરી આપવામાં આવે છે. જિલ્લામાં વાહનોની સંખ્યા વધતા રસ્તાઓ પર ટ્રાફિક જામની સાથે માર્ગ સલામતી જોખમાય તેવી સ્થિતિ સર્જાઈ છે. ત્યારે વિવિધ માર્ગોનુ વાઈડનીંગ તેમજ નવિનીકરણ અનિવાર્ય થઈ ગયુ છે. પ્રવાસન પથ તરીકે ઓળખાતા પેથાપુર મહુડી માર્ગને પણ સિકસલેન બનાવવામાં આવ્યો છે. જયારે કલોલ માણસા તેમજ ગાંધીનગર તાલુકામાં પણ અન્ય માર્ગોના કામગીરીને મંજુરી આપવામાં આવી છે. જયારે વાવોલ કોલવડા રાંધેજા માર્ગને પણ અપગ્રેડ કરવા માટે ટુંકમાં જ વાઈડનીંગનુ કામ શરૂ કરાશે માર્ગ મકાન મંત્રી નિતીન પટેલ દ્વારા આ કાર્યયોજનાને મંજુરી આપી દેવામાં આવી છે. હાલ આ માર્ગ હાલ ૩.૫ મીટર પહોળો છે. જયારે વાઈડનીંગ દરમિયાન આ માર્ગને ૭ મીટર પહોળો કરાશે. ૯ કી મીના આ રસ્તાના વાઈડનીંગ માટે રૂ ૧૨ કરોડનો ખર્ચ કરવામાં આવશે.